પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૫ • અંક : ૨૦૧ • કુલ પાના : ૪ • તારીખ : ૨૦-૦૪-૨૦૨૨ બુધવાર • કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 9712880678 panchmahalsamachar@gmail.com panchmahalsamachar panchmahalsamachar www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગૃપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

# પ્રધાનમંત્રીએ એશિયાની સૌથી મોટી બનાસડેરીના સણાદર પ્લાન્ટનું ઉદ્ઘાટન કર્યું

## કાંકરેજ ગાય, મહેસાણી ભેંસ અને બટાકાથી બનાસકાંઠાના ખેડૂતોના નસીબ બદલાયા છે : વડાપ્રધાન નરેન્દ્ર મોદી



પાલનપુર,

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી એશિયાની સૌથી મોટી બનાસડેરીના સણાદર પ્લાન્ટનું ઉદ્ઘાટન કર્યું હતું પ્રધાનમંત્રીએ શંકર ચૌધરી સાથે બનાસ ડેરીના નવા પ્રકલ્પોનું નિરીક્ષણ કર્યું હતું. ત્યાર બાદ સ્ટેજ પર તેમનુ પશુપાલક મહિલાઓ દ્વારા સ્વાગત કરવામાં આવ્યુ હતું. આ વેળાએ એક પશુપાલક મહિલાએ લાડીલા વડાપ્રધાનના ઓવારણા લીધા હતા. કાર્યક્રમમાં મોટી સંખ્યામાં જનમેદની ઉમટી પડી છે. ત્યારે પીએમ મોદીએ બનાસ ડેરીના વિવિધ પ્રોજેક્ટનું બટન દબાવીને લોકાર્પણ કર્યું.

પ્રધાનમંત્રીએ સંબોધનમાં કહ્યુ કે, મા અંબાની આ પાવન ધરતીને મારા નમન છે. જીવનમાં પહેલીવાર અવસર આવ્યો કે, એક લક્ષ્યાંક લાખો માતા-બહેનો મને આર્શીવાદ આપી રહી છે. તમે ઓવારણા લઈ રહ્યા હતા ત્યારે હું મારા મનના ભાવને રોકી શકયો ન હતો. તમારા આર્શીવાદ મારા માટે અનમોલ શક્તિનું કેન્દ્ર છે. બનાસની માતા-બહેનોને મારા નમન. ગત કેટલાક કલાકમાં હું ડેરીની તમામ નવી જગ્યાઓએ ગયો. અહી જે કામ થયુ તેનાથી હુ પ્રભાવિત છું. ભારતમાં ગામની અર્થવ્યવસ્થા અને માતાબહેનોના સશક્તિકરણને કેવી રીતે બળ આપી શકાય, કોઓપરેટિવ મુવમેન્ટ કેવી રીતે આત્મભારત અભિયાનને તાકાત આપી શકાય તે અહી અનુભવી શકાય છે. કાશીના મારા વિસ્તારમાં આવીને પણ બનાસ ડેરીએ ત્યાંના લોકોની સેવા કરવાનો સંકલ્પ કર્યો. હવે તેને મૂર્તરૂપ અપાયુ, તેથી કાશીના સાંસદ તરીકે હું તમારો ઋણી છું.

તેમણે કહ્યુ કે, લોકલને ગ્લોબલ બનાવવાની દિશામાં સારો પ્રયાસ છે. ઓછા વરસાદવાળા જિલ્લાની તાકાત, કાંકરેજ ગાય, મહેસાણી ભેંસ અને બટાકાથી ખેડૂતની સ્થિતિ કેવી રીતે બદલી શકાય છે તે આજે અહી જોવા મળ્યું. આજે બટાકા કમાણીનું મોટુ ક્ષેત્ર છે. મેં હંમેશા સ્વીટ રિવોલ્યુશનની વાત કરી છે. તેને પણ બનાસ ડેરીએ ગંભીરતાથી અપનાવ્યુ છે. અહીંના મગફળી અને સરસવને લઈને પણ ડેરીએ શાનદાર યોજના બનાવી છે. આજે બાયો સીએનજી પ્લાન્ટનું લોકાર્પણ કરાયું, આવા અનેક પ્લાન્ટ બનાસ ડેરી દેશભરમાં લગાવશે. કચરામાઁથી કંચનના અભિયાનને સાકાર કરશે. ગોબર ગેસથી અનેક લશ્ર્યાંક મળી રહ્યા છે. સ્વચ્છતા થશે, ગોબરથી બાયો સીએનજી અને વીજળી બની રહી છે, તેમજ પશુપાલકોને આવક થાય છે, સાથે જ જૈવિક ખાધ પણ મળી રહ્યુ છે. આ પ્રકારના પ્રયાસ બનાસ ડેરીના માધ્યમથી દેશમાં પહોંચશે તો ગ્રામીણ અર્થવ્યવસ્થા મજબૂત થશે. ગામ મજબૂત થશે. ગુજરાત સફળતાની જે ઉંચાઈએ છે, તે દરેક ગુજરાતીને ગર્વ અનુભવાય છે.

ગુજરાતના શિક્ષણ સ્તર વિશે તેમણે કહ્યુ કે, આગામી પેઢી માટે વિદ્યા સમીક્ષા કેન્દ્ર મોટી તાકાત બની રહ્યુ છે. આપણી સરકારી પ્રાથમિક શાળા માટે મોટી ટેકનોલોજીનો ઉપયોગ દૂનિયા માટે અજાયબી છે. ગઈકાલે મેં તેનુ નિરીક્ષણ કર્યું. ત્યાં મેં વિદ્યાર્થીઓ, શિક્ષકો સાથે વાત કરી. આ કેન્દ્ર ગુજરાતની ૫૪ હજારથી વધુ શાળા, ૪.૫ લાખથી વધુ શિક્ષકો અને કરોડો વિદ્યાર્થીઓની તાકાતનું કેન્દ્ર બન્યુ છે. આ કેન્દ્ર શિક્ષણ ક્ષેત્રે મોટુ પરિવર્તન લાવી શકે છે.

પીએમ મોદીએ પોતાના સંબોધનમાં બનાસ ડેરીના સ્થાપક ગલબાકાકાને યાદ કર્યા હતા. તેમણે કહ્યુ કે, સૌથી પહેલા બનાસની ધરતી પર આવુ તો મારુ માથુ ગલબાકાકા માટે નમે છે. ૬૦ વર્ષ પહેલા ખેડૂતના દીકરા ગલબાકાકાએ જે સપનુ જોયુ તે વિરાટ વટવૃક્ષ બની ગયું. બનાસકાંઠાના ઘરેઘરે નવી આર્થિક શક્તિ પેદા કરી. તેથી તેમને આદરપૂર્વક નમન. બીજા નમન મારી બનાસની માતા-બહેનોને, જેઓ ઘરમાં સંતાનને સાચવે તેમ પશુને સાચવે છે. માતાબહેનોની તપસ્યાને કારણે બનાસ ડેરી ફૂલીફાલી છે. જે રીતે ડેરીનો વિકાસ થયો છે, તેમાં જે બનતુ હશે તે કરીશ. બનાસ ડેરી દેશભરમાં ફેલાઈ ગઈ છે. કરોડો ખેડૂતોની આવક દૂધથી ચાલતી હોય ત્યારે દેશમા સાડા આઠ લાખ કરોડનું દૂધ ઉત્પાદન દેશભરમાં થાય છે. ડેરી સેક્ટરનો સૌથી વધુ લાભ નાના ખેડૂતને મળે છે. વિપરીત પરિસ્થિતિમાં પશુપાલન કરીને પરિવારનું પેટ ભરી શકાય છે. ડેરીએ નાના ખેડૂતોની મોટી ચિંતા કરી છે. ખેડૂતોની ચિંતા લઈને મેં દિલ્હીમાં કામ કર્યું. આજે હું ખેડૂતોના ખાતામાં સીધા રૂપિયા મોકલી આપી શકુ છું. દિલ્હીથી રૂપિયા નીકળે તો જેના ઘરે પહોંચવા જોઈએ ત્યાં પહોંચે છે.

તેમણે કહ્યુ કે, બનાસકાંઠા એકવાર જે સમજી લે, પછી ક્યારેય તેને છોડે નહિ. હવે નર્મદા પણ અહી પહોંચી ગઈ છે. જો અહી તળાવો બનાવશો તો તમે પાણીની સમસ્યામાંથી બહાર આવી શકશો. સાથી તરીકે હું તમારા પડખે ઉભો છું. હવે નડાબેટ ટુરિઝમનું કેન્દ્ર બન્યુ છે. સરહદ પર ટુરિઝમનું ઉદાહરણ ગુજરાતે પૂરુ પાડ્યુ છે. નડાબેટ પર સીમાદર્શન શરૂ થતા બનાસ અને પાટણ જિલ્લાના છેવાડાના ગામ ધમધમતા થઈ જશે. રોજીરોટીના અવસર પેદા થશે.

સીઆર પાટીલે સંબોધનમાં કહ્યુ કે, આ બહેનો રાજકુમારી જેવી છે. બનાસકાંઠાની બહેનો કોઈ પાણી માંગે તો દૂધ આપે તેવી છે. અહી પાણીની અછતને કારણે ખેતી અને ધંધો ઓછો હતો. પણ તમે શ્વેતક્રાંતિ કરીને જે તાકાત ઉભી કરી છે તેના માટે અભિનંદન. સાથે જ બનાસ ડેરીએ જો આ સુંદર આયોજન કર્યુ ન હોત અને પશુપાલકોના દૂધને યોગ્ય રીતે વેચાણની વ્યવસ્થા ન કરી હોત તો આ શક્ય ન હોત. આ પ્લાન્ટમાં બટાકા નાંખશો તો સોનુ નહિ નીકળે, પણ ચિપ્સ બનશે અને ચિપ્સ વેચીને તમે સોનુ ખરીદી શકશો.

બનાસ ડેરીના ચેરમેન શંકર ચૌધરીએ આ પ્રસંગે કહ્યુ હતું કે, પીએમ મોદીએ આવીને બનાસકાઁઠા જિલ્લાનુ માન વધાર્યુ છે. તમે જ્યારે આવ્યા છો ત્યારે અહીના લોકોને નવુ વિઝન આપ્યુ છે. નવા વિચારો આપ્યા છે, જેથી અહીંનો વિકાસ થયો છે. તમે વિઝન આપ્યુ હતુ કે, પાણી બનાસની સમસ્યા છે. સીધેસીધી વાત તેમણે કહી હતી, ત્યારે આજે બનાસવાસીઓને આ વાત સાચી લાગે છે. ખેતીમાં તેમણે નવુ વિઝન આપ્યું, જેથી ઉત્પાદન વધ્યુ. સાથે જ મધુમાખી પાલનના તેમના વિચારથી પણ અહીંના લોકો સુખી થયા છે.


# બ્રિટિશ વડાપ્રધાન બોરિસ જોન્સન ભારતની મુલાકાતે, ભાગેડુ વિજય માલ્યા અને નીરવ મોદીના પ્રત્યાર્પણ પર વાતચીત થઈ શકે છે

નવીદિલ્હી,

બ્રિટિશ વડા પ્રધાન બોરિસ જ્હોન્સન આ અઠવાડિયે ભારતની રાજ્ય મુલાકાતે આવવાના છે, જ્યાં મુક્ત વેપાર કરાર અને યુક્રેનમાં યુદ્ધનો મુદ્દો બંને દેશો વચ્ચે દ્વિપક્ષીય વાટાઘાટો પર પ્રભુત્વ ધરાવે છે. તેવી પણ સંભાવના છે કે ભારતીય પક્ષ આ સમયગાળા દરમિયાન ભાગેડુ ઉદ્યોગપતિ વિજય માલ્યા અને નીરવ મોદીની પ્રત્યાર્પણનો મામલો પણ ઉઠાવી શકે છે. ભારતે ગયા વર્ષે બ્રિટન સાથે વર્ચ્યુઅલ સમિટમાં પણ આ મુદ્દો ઉઠાવ્યો હતો, જ્યારે વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ સ્પષ્ટપણે કહ્યું હતું કે આર્થિક અપરાધીઓને વહેલામાં વહેલી તકે ભારતમાં ટ્રાયલનો સામનો કરવા પાછા મોકલવા જોઈએ. તો ચાલો જાણીએ વિજય માલ્યા અને નીરવ મોદી સામેના કેસની વાસ્તવિક સ્થિતિ અને તેમના પ્રત્યાર્પણની કાર્યવાહી વિશેઃ

વિજય માલ્યાઃ વિજય માલ્યાને બ્રુઅરી, એરલાઈન્સ, ફોર્મ્યુલા વન ટીમ અને ઈન્ડિયન પ્રીમિયર લીગ ક્રિકેટ ક્લબમાં રોકાણ માટે ભારતના રિચાર્ડ બ્રેન્સન (બ્રિટિશ ટાયકૂન) ગણવામાં આવતા હતા. જો કે, વિજય માલ્યા મુશ્કેલીમાં આવી ગયો જ્યારે તે લાખોની લોન ચૂકવવામાં નિષ્ફળ ગયો અને ૨૦૧૬ માં બેંકોના જૂથ દ્વારા નાણાં વસૂલવાના પ્રયાસો વચ્ચે ભારતમાંથી વિદેશ ભાગી ગયો. માલ્યાએ શરૂ કરેલી કિંગફિશર એરલાઈન્સની નિષ્ફળતાએ તેમની દેવાની સમસ્યાઓમાં વધારો કર્યો, જેના કારણે તેમના ઘણા વ્યવસાયો પડી ભાંગ્યા. ૨૦૧૨ માં, ભારત સરકારે પાઈલોટ્સ અને એન્જિનિયરોને ચૂકવણી કરવામાં નિષ્ફળતાના મહિનાઓ પછી એરલાઈનનું લાઈસન્સ સસ્પેન્ડ કર્યું.

નીરવ મોદીઃ હીરાના વેપારીના પુત્ર, નીરવ મોદીએ એક આંતરરાષ્ટ્રીય જ્વેલરી સામ્રાજ્ય બનાવ્યું જે ભારતથી ન્યૂયોર્ક અને હોંગકોંગ સુધી વિસ્તરેલું હતું. બોલિવૂડ સ્ટાર પ્રિયંકા ચોપરા તેની આઈકોનિક બ્રાન્ડનો ચહેરો બની હતી અને હોલીવુડ અભિનેત્રી નાઓમી વોટ્સ ૨૦૧૫માં તેની પ્રથમ યુએસ બુટિકના ઉદઘાટન સમયે તેની સાથે દેખાઈ હતી.



















મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા

પંચમહાલ સમાચાર

# દાહોદ રેલવે કારખાનાને વડાપ્રધાન નરેન્દ્ર મોદીની મોટી ભેટ : મેન્ટેન્સ કરનાર કારખાનું હવે પ્રોડકશન યુનિટ બનશે



દાહોદ, દાહોદ હવે વિશ્વમાં રેલવે એન્જીન એક્સપોર્ટ કરતુ થશે.૨૦,૦૦૦ હજાર કરોડના ખર્ચે તૈયાર થનારા દાહોદના રેલવે એન્જીન કારખાનામાં ટેક્નોલોજી પાર્ટનરની મદદથી ૧૨૦૦ જેટલાં લોકો એન્જીનનું પ્રોડક્સન કરવાનું ટાર્ગેટ નક્કી કર્યાનું જાણવા મળેલ છે. દાહોદ ખાતેના રેલવે વર્કશોપને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના હસ્તે શીલન્યાસ કર્યા બાદ રેલવે વર્કશોપ હવેથી રેલવે પ્રોડકશન યુનિટ તરીકે પ્રસ્થાપિત થશે. જેથી રેલવેના ઈતિહાસમાં રેલવે કારખાનાનું ત્રીજી વાર નામ બદલાશે.

દાહોદ ખાતે આદિવાસી મહા સંમેલનમાં ઉપસ્થિત રેહનારા અને કરોડોના વિકાસ કાર્યોના લોકાર્પણ તેમજ ખાત મુહર્ત કરનાર પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી રેલ મંત્રી અશ્વિન વૈષ્ણવની ઉપસ્થિતિમાં દાહોદને રેલવેની મોટી ભેટ ધરવાના છે. તે રેલવે કારખાના આશરે ૨૦,૦૦૦ કરોડનું રોકાણ થનાર છે. એટલું જ નહિ આ કારખાનામાં ૯,૦૦૦ HP ના હાઈ સ્પીડ અને હાઈ ટેકનોલોજીના ૧૨૦૦ જેટલાં એન્જીન તૈયાર થશે જે માત્ર ભારત દેશમાં નહિ પરંતુ વિદેશમાં પણ એક્સપોર્ટ થશે. દાહોદ ને પ્રોડકશન યુનિટની ભેટ મળતા જ અનેક પ્રકારની રોજગારીની તકો ઉભી થશે. અને તેને અનુંસાંગિક અનેક પ્રકારના વ્યવસાયો પર ફુલશે ફાળશે. દાહોદ ખાતે શરૂ થનારા આ પ્રોડકશન યુનિટમાં સીધી રીતે ૩૫૦૦ જેટલી તેમજ અપ્રત્યક્ષ રીતે ૭૦૦૦ થી પણ વધુ લોકોને રોજગારી પ્રાપ્ત થશે. આ કારખાનાની વિશેષતા એ છે કે હાલ સુધી દેશ ભરના ખરાબ થયેલા બગડેલા એન્જીનોને નવા નક્કોર કરી પુનઃ પાટા પર દોડતા કરનારા દાહોદ વર્કશોપના રેલકર્મીઓ હવેથી નવું એન્જીન બનાવશે જે દેશમાં જ નહિ પરંતુ વિદેશોમાં પણ ખ્યાતિ પામશે. દાહોદ ને આશરે એક યુગ બાદ આટલી મોટી ભેટ ધરાતા આનંદની લાગણી ઉદભવા પામી છે. તો કેતલાક નિવૃત રેલકર્મીઓનું કેહવું છે કે દાહોદ રેલવે વર્કશોપને વર્ષો પહેલા થયેલો અન્યાય દૂર થવા પામ્યો છે.

દાહોદ રેલવે વર્કશોપમાં જે નવી રોજગારીની તકો ઉભી થવાની છે. એમાં સ્થાનિકોને પ્રાધાન્ય આપવામાં આવે લાગણી અને માંગણી પણ વહેતી થવા પામી છે. વર્ષો પૂર્વે જયારે રેલવેમાં કોઈ કાર્ય સોપાતું હતું. ત્યારે લોકલ લોકોને પ્રાધાન્ય આપવામાં આવતું હતું.પરંતુ ૧૯૮૫ થી આ પ્રણાલીકા બંધ થતાં સ્થાનિક લોકો જોડે અન્યાય થાય છે. જોકે આવતીકાલે આદિવાસી બાહુલ્ય ધરાવતા જિલ્લામાં આદિવાસી સંમેલનમાં હાજરી આપવા આવતા વડાપ્રધાન નરેન્દ્ર મોદી રેલવેના પ્રોડકશન યુનિટનું શીલન્યાસ કરવાનાં છે. ત્યારે જૂની પ્રણાલિકા પ્રમાણે આદિવાસી બાહુલ્ય ધરાવતા જિલ્લામાં શરૂ થનાર વિશાળ પ્રોડકશન યુનિટમાં આજ વિસ્તારના લોકોને પ્રાધાન્ય આપવામાં આવે તેવી લાગણી તેમજ માંગણી અત્રેના જિલ્લાવાસીઓમાં ઉદભવા પામી છે. અત્રે ઉલ્લેખનીય છેકે આ પ્રોડકશન યુનિટ બીડ કરીને ટેક્નોલોજી પાર્ટનરની મદદ લેવાશે પરંતુ તેનું કાર્ય દાહોદના રેલકર્મીઓ જ કરશે તેવું જાણવા મળેલ છે.

॥ સુસ્વાગતમ્ ॥
આદરણીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબનું દાહોદ જીલ્લા પાવન અને પવિત્ર ધરા પર ભાવભીનું સ્વાગત કરીએ છીએ....
કાળુભાઈ વી. નિસરતા – મહામંત્રી
મુકેશભાઈ કે. પરમાર – પ્રમુખ
સુરેશભાઈ એચ. ભાભોર – મહામંત્રી
ઝાલોદ ગ્રામ્ય મંડલ, જી.દાહોદ
સ્થળ : જીલ્લા સબ જેલની પાસે, ખરોડ (ડોકી), દાહોદ
સમય : બપોરે ૩:૦૦ કલાકે । તારીખ : ૨૦ એપ્રિલ ૨૦૨૨, બુધવાર

॥ સુસ્વાગતમ્ ॥
આદરણીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબનું દાહોદ જીલ્લા પાવન અને પવિત્ર ધરા પર ભાવભીનું સ્વાગત કરીએ છીએ....
સુદીપકુમાર કૃષ્ણકાંત સોની
દેવગઢબારીયા મંડલ મહામંત્રી, જી.દાહોદ
સ્થળ : જીલ્લા સબ જેલની પાસે, ખરોડ (ડોકી), દાહોદ
સમય : બપોરે ૩:૦૦ કલાકે । તારીખ : ૨૦ એપ્રિલ ૨૦૨૨, બુધવાર

॥ સુસ્વાગતમ્ ॥
જેકોટ ગ્રામ પંચાયત
મુ.જેકોટ, તા.દાહોદ
આદરણીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબનું દાહોદ જીલ્લા પાવન અને પવિત્ર ધરા પર ભાવભીનું સ્વાગત કરીએ છીએ....
સરપંચશ્રી : લીલાબેન બાદરભાઈ મુણીયા
ડે.સરપંચશ્રી : વિરસિંગભાઈ એમ. મોહનીયા
તલાટી કમ મંત્રીશ્રી : ડી. કે. જાદવ

॥ સુસ્વાગતમ્ ॥
ઝાલદ ગ્રામ પંચાયત
મુ.ઝાલદ, તા.દાહોદ
આદરણીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબનું દાહોદ જીલ્લા પાવન અને પવિત્ર ધરા પર ભાવભીનું સ્વાગત કરીએ છીએ....
સરપંચશ્રી : રેમાબેન રાકેશકુમાર બીલવાડ
ડે.સરપંચશ્રી : સંજયભાઈ એમ. ખરાડીયા
તલાટી કમ મંત્રીશ્રી : અરપિત પરમાર

॥ સુસ્વાગતમ્ ॥
નાનીલછેલી ગ્રામ પંચાયત
મુ.નાનીલછેલી, તા.દાહોદ
આદરણીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબનું દાહોદ જીલ્લા પાવન અને પવિત્ર ધરા પર ભાવભીનું સ્વાગત કરીએ છીએ....
સરપંચશ્રી : કનુભાઇ બદીયાભાઇ માવી
ડે.સરપંચશ્રી : લતાબેન દિનેશભાઇ માવી
તલાટી કમ મંત્રીશ્રી : અભી પટેલ

॥ સુસ્વાગતમ્ ॥
ભુટોડી ગ્રામ પંચાયત
મુ.ભુટોડી, તા.દાહોદ
આદરણીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબનું દાહોદ જીલ્લા પાવન અને પવિત્ર ધરા પર ભાવભીનું સ્વાગત કરીએ છીએ....
સરપંચશ્રી : વિનોદભાઇ ઝીથરાભાઇ ડામોર
ડે.સરપંચશ્રી : નેરસીંગભાઇ ચવલાભાઇ ડામોર
તલાટી કમ મંત્રીશ્રી : મુકેશભાઇ બારીઆ

॥ સુસ્વાગતમ્ ॥
ચંદવાણા ગ્રામ પંચાયત
મુ.ચંદવાણા, તા.દાહોદ
આદરણીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબનું દાહોદ જીલ્લા પાવન અને પવિત્ર ધરા પર ભાવભીનું સ્વાગત કરીએ છીએ....
સરપંચશ્રી : બચુડીબેન રમેશભાઈ મિનામા
ડે.સરપંચશ્રી : આપસનભાઈ એમ. ગાડી
તલાટી કમ મંત્રીશ્રી : આર. એમ. પટેલ

॥ સુસ્વાગતમ્ ॥
ગમલા ગ્રામ પંચાયત
મુ.ગમલા, તા.દાહોદ
આદરણીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબનું દાહોદ જીલ્લા પાવન અને પવિત્ર ધરા પર ભાવભીનું સ્વાગત કરીએ છીએ....
સરપંચશ્રી : મેગલીબેન ભાવસિંહ સંગાડીયા
ડે.સરપંચશ્રી : મુકેશભાઈ ચંદુભાઈ કલમી
તલાટી કમ મંત્રીશ્રી : એસ. એસ. પડવાલ

॥ સુસ્વાગતમ્ ॥
રોઝમ ગ્રામ પંચાયત
મુ.રોઝમ, તા.દાહોદ
આદરણીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબનું દાહોદ જીલ્લા પાવન અને પવિત્ર ધરા પર ભાવભીનું સ્વાગત કરીએ છીએ....
સરપંચશ્રી : બહીયાભાઇ સોમજીભાઇ મોહનીયા
ડે.સરપંચશ્રી : કમલેશભાઇ મુનીયા
તલાટી કમ મંત્રીશ્રી : ડી. કે. જાદવ

॥ સુસ્વાગતમ્ ॥
રળીયાતી ગ્રામ પંચાયત
મુ.રળીયાતી, તા.દાહોદ
આદરણીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબનું દાહોદ જીલ્લા પાવન અને પવિત્ર ધરા પર ભાવભીનું સ્વાગત કરીએ છીએ....
સરપંચશ્રી : ભુરીબેન રમેશભાઇ માવી
ડે.સરપંચશ્રી : કાળુભાઇ ખુમાનભાઇ સંગાડીયા
તલાટી કમ મંત્રીશ્રી : અનીલભાઇ સંગાડીયા

॥ સુસ્વાગતમ્ ॥
બોરખેડા ગ્રામ પંચાયત
મુ.બોરખેડા, તા.દાહોદ
આદરણીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબનું દાહોદ જીલ્લા પાવન અને પવિત્ર ધરા પર ભાવભીનું સ્વાગત કરીએ છીએ....
સરપંચશ્રી : મંજુલાબેન અનિલભાઈ નાવી
ડે.સરપંચશ્રી : નાનેશભાઈ વી. માવી
તલાટી કમ મંત્રીશ્રી : વિકીભાઈ ચોર્યા

॥ સુસ્વાગતમ્ ॥
મોટીખરજ ગ્રામ પંચાયત
મુ.મોટીખરજ, તા.દાહોદ
આદરણીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબનું દાહોદ જીલ્લા પાવન અને પવિત્ર ધરા પર ભાવભીનું સ્વાગત કરીએ છીએ....
સરપંચશ્રી : જાનીબેન રમેશભાઈ ભાભોર
ડે.સરપંચશ્રી : જબુબેન સુનિયાભાઈ
તલાટી કમ મંત્રીશ્રી : એ. વી. સોલંકી

॥ સુસ્વાગતમ્ ॥
આદરણીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબનું દાહોદ જીલ્લા પાવન અને પવિત્ર ધરા પર ભાવભીનું સ્વાગત કરીએ છીએ....
સ્થળ : જીલ્લા સબ જેલની પાસે, ખરોડ (ડોકી), દાહોદ
સમય : બપોરે ૩:૦૦ કલાકે
તારીખ : ૨૦ એપ્રિલ ૨૦૨૨, બુધવાર
સરતનભાઈ સબુરભાઈ ચૌહાણ
જીલ્લા પંચાયત ઉપપ્રખ, દાહોદ
કરણસિંહ સોમજીભાઈ ડામોર
જીલ્લા પંચાયત પક્ષના નેતા, દાહોદ
ઝીથરાભાઈ ભુરાભાઈ ડામોર
જીલ્લા પંચાયત કારોબારી ચેરમેન, દાહોદ

॥ સુસ્વાગતમ્ ॥
આદરણીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબનું દાહોદ જીલ્લા પાવન અને પવિત્ર ધરા પર ભાવભીનું સ્વાગત કરીએ છીએ....
સ્થળ : જીલ્લા સબ જેલની પાસે, ખરોડ (ડોકી), દાહોદ
સમય : બપોરે ૩:૦૦ કલાકે
તારીખ : ૨૦ એપ્રિલ ૨૦૨૨, બુધવાર
: દાહોદ જીલ્લા ઉપપ્રમુખ :
નિરૂભાઈ દલાભાઈ પટેલ - સિંગવડ
જુવાનસિંહ પ્રતાપભાઈ પટેલ - દે.બારીઆ ગ્રામ્ય
બિરજુભાઈ પુનમચંદ ભગત - દાહોદ શહેર
ચંદુભાઈ બચુભાઈ ગણાવા - ગરબાડા
રશીલાબેન સરદારસિંહ બારીઆ - ધાનપુર

॥ સુસ્વાગતમ્ ॥
આદરણીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબનું દાહોદ જીલ્લા પાવન અને પવિત્ર ધરા પર ભાવભીનું સ્વાગત કરીએ છીએ....
સુશિલાબેન આર. બારીઆ
દાહોદ જીલ્લા પંચાયત દંડક
સ્થળ : જીલ્લા સબ જેલની પાસે, ખરોડ (ડોકી), દાહોદ
સમય : બપોરે ૩:૦૦ કલાકે । તારીખ : ૨૦ એપ્રિલ ૨૦૨૨, બુધવાર

॥ સુસ્વાગતમ્ ॥
દેલસર ગ્રામ પંચાયત
મુ.દેલસર, તા.દાહોદ
આદરણીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબનું દાહોદ જીલ્લા પાવન અને પવિત્ર ધરા પર ભાવભીનું સ્વાગત કરીએ છીએ....
સરપંચશ્રી : બબલીબેન સેતાનસિંહ પરમાર
ડે.સરપંચશ્રી : રાહુલભાઈ મોતીભાઈ નિનામા
તલાટી કમ મંત્રીશ્રી : આર.વી. સંગાડા

॥ સુસ્વાગતમ્ ॥
આદરણીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબનું દાહોદ જીલ્લા પાવન અને પવિત્ર ધરા પર ભાવભીનું સ્વાગત કરીએ છીએ....
હીતેશકુમાર એફ. સોલંકી – મહામંત્રી
પ્રજીતસિંહ એ. રાઠોડ – પ્રમુખ
ગરબાડા મંડલ, જી.દાહોદ
સ્થળ : જીલ્લા સબ જેલની પાસે, ખરોડ (ડોકી), દાહોદ
સમય : બપોરે ૩:૦૦ કલાકે । તારીખ : ૨૦ એપ્રિલ ૨૦૨૨, બુધવાર

॥ સુસ્વાગતમ્ ॥
આદરણીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબનું દાહોદ જીલ્લા પાવન અને પવિત્ર ધરા પર ભાવભીનું સ્વાગત કરીએ છીએ....
રમીલાબેન રમણભાઈ ભાભોર – જીલ્લા પંચાયત સભ્ય
રમણભાઈ ભાભોર – પૂર્વ જીલ્લા પંચાયત સભ્ય
સીટ-ઉચવાણીયા, દાહોદ
સ્થળ : જીલ્લા સબ જેલની પાસે, ખરોડ (ડોકી), દાહોદ
સમય : બપોરે ૩:૦૦ કલાકે । તારીખ : ૨૦ એપ્રિલ ૨૦૨૨, બુધવાર

॥ સુસ્વાગતમ્ ॥
આદરણીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબનું દાહોદ જીલ્લા પાવન અને પવિત્ર ધરા પર ભાવભીનું સ્વાગત કરીએ છીએ....
લક્ષ્મીબેન રમસુભાઈ મેડા – જીલ્લા પંચાયત સભ્ય
રમસુભાઈ મેડા
સીટ-ખંગેલા, દાહોદ
સ્થળ : જીલ્લા સબ જેલની પાસે, ખરોડ (ડોકી), દાહોદ
સમય : બપોરે ૩:૦૦ કલાકે । તારીખ : ૨૦ એપ્રિલ ૨૦૨૨, બુધવાર

॥ સુસ્વાગતમ્ ॥
આદરણીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબનું દાહોદ જીલ્લા પાવન અને પવિત્ર ધરા પર ભાવભીનું સ્વાગત કરીએ છીએ....
પ્રતાપસિંહ એસ. લવારીયા
ધાનપુર મંડલ પ્રમુખ
સ્થળ : જીલ્લા સબ જેલની પાસે, ખરોડ (ડોકી), દાહોદ
સમય : બપોરે ૩:૦૦ કલાકે । તારીખ : ૨૦ એપ્રિલ ૨૦૨૨, બુધવાર


आज़ादी का अमृत महोत्सव

सत्यमेव जयते
ગુજરાત સરકાર

વનબંધુ કલ્યાણ યોજના



# આદિવાસી મહાસંમેલન



## ડબલ એન્જિનની સરકાર
## આદિજાતિ વિકાસની વણઝાર

**માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના વરદ્‌હસ્તે**

**માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની વિશેષ ઉપસ્થિતિમાં આદિવાસી વિસ્તારો માટેના**

**રૂા.૨૦,૦૦૦ કરોડના રેલ્વે ઈલેક્ટ્રીક લોકોમોટિવ ઉત્પાદન એકમનું શિલાન્યાસ**

**રૂા.૧,૪૧૯ કરોડથી વધુના વિવિધ વિકાસ કાર્યોનું લોકાર્પણ**

**રૂા.૫૫૦ કરોડથી વધુના વિવિધ વિકાસ કાર્યોનું ખાતમુહૂર્ત**

- વનબંધુ કલ્યાણ યોજના-૧ હેઠળ છેલ્લા દોઢ દાયકામાં **૧ લાખ કરોડ**થી પણ વધુ રકમના થયા વિકાસલક્ષી કામો
- પ્રતિ વર્ષ **૧૬ લાખ** આદિજાતિ વિદ્યાર્થીઓને અપાતી **રૂા.૬૦૦ કરોડ**ની શિષ્યવૃત્તિ
- **રૂા.૨૦૦ કરોડ**ના ખર્ચે હાથ ધરાશે આદિજાતિ વિસ્તારોની આશ્રમ શાળાઓનું નવીનીકરણ
- **૬ લાખ**થી વધુ આદિજાતિ લોકોને મળ્યું પાક્કું ઘર
- **૫ લાખ**થી વધુ આદિવાસી પરિવારોને મળી 'નલ સે જલ'ની સુવિધા
- આદિજાતિ વિસ્તારની **૧૧ લાખ** એકર જમીનને મળ્યો સિંચાઈનો લાભ
- આદિવાસી વિસ્તારોમાં બોર્ડર વિલેજ યોજના, ન્યુ ગુજરાત પેટર્ન, હળપતિ જાતિના લોકોને પાયાની સુવિધા અને આદીમજૂથ પાયાની સુવિધા હેઠળ દર વર્ષે અંદાજે **રૂા.૬૦૦ કરોડ**ના ખર્ચે વિકાસ કામો
- **રૂા.૧૧૧ કરોડ**ના ખર્ચે **૫૦૦** આદિજાતિ ગામોને મળશે મોબાઈલ નેટવર્કની સુવિધા
- આગામી ૫ વર્ષમાં વનબંધુ કલ્યાણ યોજના અંતર્ગત **૧ લાખ કરોડ**નું આયોજન

**તારીખ: 20 એપ્રિલ, 2022 | સમય: બપોરે 01:00 વાગે**

**સ્થળ: GMSCL ગોડાઉન પાછળ, ખરોડ, દાહોદ**

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર

# પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી આજે દાહોદને રૂ.૨૧૮૦૯.૭૯ કરોડના વિકાસ કામોની ભેટ ધરશે

- દાહોદનાં ૧૨૫૯.૬૪ કરોડના વિકાસકાર્યોનું કરશે લોકાર્પણ, રૂ.૨૦૫૫૦.૧૫ કરોડનાં વિકાસકાર્યોનો કરાવશે પ્રારંભ.
- દાહોદ રેલ્વે વર્કશોપમાં અંદાજે રૂ.૨૦ હજાર કરોડના ખર્ચથી નિર્માણ થનારા ૯ હજાર હોર્સ પાવરની ઈલેક્ટ્રીક લોકોમેટિવ મશીન ઉત્પાદન એકમનો શીલાન્યાસ કરશે.

દાહોદ,

ગુજરાતની મુલાકાતે પધારેલા પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી આજે દાહોદ જિલ્લાના આદિવાસી બાંધવોને રૂ.૨૧૮૦૯.૭૯ કરોડના વિકાસ કામોની ભેટ ધરવાના છે. દાહોદનાં ૧૨૫૯.૬૪ કરોડના વિકાસકાર્યોનું લોકાર્પણ તથા રૂ.૨૦૫૫૦.૧૫ કરોડનાં વિકાસકાર્યોનું ખાતમુહૂર્ત કરશે. તેની સાથે વડાપ્રધાન દાહોદમાં આદિજાતિ મહાસંમેલનને સંબોધન પણ કરશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સહિતના મહાનુભાવો વડાપ્રધાન સાથે જોડાશે. ત્યારે પ્રધાનમંત્રીને આવકારવા માટે આદિજાતિ બાંધવોમાં અદમ્ય ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

જનકલ્યાણના વિવિધ વિકાસકાર્યોમાં આરોગ્ય, આવાસ, વીજળી, રોજગારી, સલામતી, સ્કીલ ડેવલપમેન્ટ, જળસંચયના કામો, રસ્તાઓ સહિતની પાયાની સુવિધાઓ સાથે દાહોદ સ્માર્ટસીટી તરીકે મહાનગરોમાં



જોવા મળતી સુવિધાઓ પણ આદિજાતિ બહુલ વસ્તી ધરાવતા દાહોદ જિલ્લાને મળશે. જેમાં આઈસીસીસી–આઈટી પ્રોજેક્ટ દાહોદ નગરને સ્માર્ટસીટી તરીકે એક નવા સ્તરે લઈ જતો અને મહાનગરોમાં પણ ન જોવા મળતી અત્યાધુનિક સુવિધાઓ પ્રદાન કરતો એક મહત્વાકાંક્ષી પ્રોજેક્ટ છે. રૂ.૧૫૧.૦૪ કરોડના ખર્ચે સંપન્ન આ પ્રોજેક્ટનું ખરોડ ખાતે યોજાનારા આદિજાતિ મહાસંમેલનમાં લોકાર્પણ પ્રધાનમંત્રી કરશે. નર્મદા નદીના નીરને છોટાઉદેપુરના હાફેશ્વર પાસેથી છેક દાહોદના દક્ષિણમાં આવેલા છેક છેવાડાના ૨૮૫ ગામ અને એક નગર સુધી પહોંચતા કરવામાં આવ્યા છે. તદ્‌ઉપરાંત, આ યોજનાથી છોટા ઉદેપુરના ૫૮ ગામો અને ૧ નગરને શુદ્ધ પાણી મળ્યું છે. રાજ્ય સરકારના આ મેગા પ્રોજેક્ટ–હાફેશ્વર યોજના થકી આદીજાતિ બહુલ વસ્તી ધરાવતા કુલ ૩૪૩ ગામો તેમજ બે નગરની ૧૨.૪૮ લાખની વસ્તીની પાણીની સમસ્યાનું કાયમી નિરાકરણ આવ્યું છે. આ યોજનાનું લોકાર્પણ પ્રધાનમંત્રી કરશે. ભારતીય રેલ્વે દ્વારા દાહોદ વર્કશોપમાં ૯ હજાર હોર્સ પાવરની ઈલેક્ટ્રીક લોકોમેટિવ મશીન ઉત્પાદન એકમનો શીલાન્યાસ કરશે. મેક ઈન ઈન્ડિયા અભિયાનને સાકાર કરતા આ પ્રોજેક્ટ થકી દાહોદ અને તેની આસપાસના જિલ્લાઓ માટે ૭ હજાર નોકરીની તકો ઉભી થશે. તેની લાગત રૂ.૨૦ હજાર કરોડ છે. તદ્‌ઉપરાંત, રાજ્ય સરકાર દ્વારા કડાણા ડેમ આધારિત યોજના અંદાજે રૂ.૪૦.૪૨ કરોડને ખર્ચે પૂર્ણ કરાશે. તેમજ પાટાડુંગરી જુથ પાણી પુરવઠા યોજના રૂ.૧૨૩.૮૮ કરોડને ખર્ચે સાકાર કરાશે. ઝાલોદ ઉત્તર જુથ પાણી પુરવઠા યોજના રૂ.૪૮.૭૦ કરોડને ખર્ચે સંપન્ન કરાશે. જ્યારે ઝાલોદ દક્ષીણ જુથ પાણી પુરવઠા યોજના રૂ. ૯૪.૫૫ કરોડને ખર્ચે પૂર્ણ કરાશે. તેનો પ્રધાનમંત્રી પ્રારંભ કરાવશે.

દાહોદમાં પ્રધાનમંત્રીની ઉપસ્થિતિમાં યોજાનારા કાર્યક્રમને આખરી ઓપ આપવામાં આવ્યો છે. કાર્યક્રમની વ્યવસ્થા માટે સચિવ કક્ષાના અધિકારીઓ સહિત ૧૧૫ જેટલા અધિકારીઓ કાર્યક્રમના સુચારૂ વ્યવસ્થા માટે જોડાયા છે. કાર્યક્રમ સ્થળે સહભાગી થનારા નાગરિકોની બેઠક વ્યવસ્થા સહિતની તમામ સુવિધાઓનું ઝીણવટભર્યું આયોજન કરાયું છે. નાગરિકોને પાર્કિંગથી લઈને કાર્યક્રમ સ્થળે પીવાના પાણીથી લઈને કોઈ પણ હેલ્થ ઈમરજન્સી માટેની પણ તમામ સુવિધાઓ કરાઈ છે.

મહાસંમેલન સ્થળે સુરક્ષા માટે એક આઈજીપી, ડીઆઈજીપી ૨, એસપી ૧૨, ડીવાયએસપી ૩૬ તેમજ પીઆઈ ૧૦૦, પીએસઆઈ ૩૦૦ સહિત ૩૦૦૦ થી પણ વધુ પોલીસનો બંદોબસ્ત કરાયો છે. જેમાં હોમગાર્ડના પણ ૭૦૦ જવાનોને સામેલ કરાશે. તેમજ એનએસજી, એટીએસ સહિત ચેતક કંમાડો યુનિટ સાથે પણ સંકલન સાધીને સુરક્ષા વ્યવસ્થા કરાઈ છે.

કાર્યક્રમ સ્થળ ૨૦૦ જેટલા સીસીટીવીની બાજ નજરમાં રહેશે. તેમજ આ માટે કમાડં એન્ડ કંટ્રોલ સેન્ટર પણ ઊભું કરાયું છે. ઉપરાંત તમામ રૂટ અને આસપાસના વિસ્તારોમાં સઘન ચેકીંગ કરાઈ રહ્યું છે. તેમજ પોલીસ બંદોબસ્ત કરાયો છે. ટ્રાફિક નિયમન માટે બફર ઝોન બનાવી ટ્રાફિકની વ્યવસ્થા કરાઈ છે. તેમજ કલર કોડ રખાયો છે.

મહાસંમેલનમાં સહભાગી થનારી જંગી જનમેદનીને અગવડ ન પડે તે માટે જરૂરી તમામ પ્રકારની સવલતો સાથે એશિયાનો સૌથી મોટો ડોમ તૈયાર કરવામાં આવ્યો છે. આ ડોમમાં ૨ લાખ જેટલા લોકોનો કાર્યક્રમને માણી શકે એ પ્રકારની વ્યવસ્થા સુનિશ્ચિત કરવામાં આવી છે. ડોમ સંબંધિત આંકડાઓ તેની વિશાળતાનો ખ્યાલ આપે છે. એક મુખ્ય ડોમ અને ત્રણ હોલ્ડીંગ ડોમથી બનેલા આ ડોમનું કુલ ક્ષેત્રફળ ૧૭.૯૮ લાખ ચોરસ ફૂટ છે. ૧૪ લાખ ચોરસ ફૂટના મુખ્ય ડોમમાં ૭ ડોમની હરોળ છે. જલનસ જે પૈકી ૫ જર્મન ડોમ છે. લંબાઈમાં ૬૦૦ મીટર સુધી પથરાયેલા અને ૧૩૨ ફુટ પહોળા આ મેઈન ડોમની અન્ય ખાસિયત છેકે, આટલો વિશાળ વિસ્તાર હોવા છતાં તેમાં વચ્ચે એક પણ થાંભલો આવતો નથી. ક્ષેત્રફળની રીતે વિશાળ હોવા ઉપરાંત ડોમમાં ઉપસ્થિત રહેનારા લોકોની સુવિધાઓનો પણ તલસ્પર્શી ખ્યાલ રાખવામાં આવ્યો છે.

ગરમીને દ્યાનમાં રાખી પીવાના પાણીની સુયોગ્ય વ્યવસ્થા ડોમમાં જ ગોઠવવામાં આવી છે. વિશાળ જનમેદની હાજર રહેવાની હોય ત્યારે સલામતી અને તેમાં પણ ફાયરસેફ્ટી સૌથી અગત્યની બાબત હોય છે. આ ડોમ ફાયર સેફ્ટીના માપદંડ ઉપર પણ ખરો ઉતરે છે. સમગ્ર ડોમ ફાયરપ્રુફ બનાવવામાં આવ્યો છે.

આ સંમેલનમાં સહભાગી થવા દાહોદ, પંચમહાલ, છોટાઉદેપુર અને મહિસાગર જિલ્લાના ગામોમાં સમગ્ર તંત્ર દ્વારા ઘરે–ઘરે જઈને નિમંત્રણ પાઠવવામાં આવ્યા છે. અત્યાર સુધીમાં ૩૬૦થી પણ વધુ ગામોમાં સંમેલનના કાર્યક્રમ કરવામાં આવ્યા છે.



























Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 25, No.201